# નસીબ નું ભંડાર ખૂલી ગયું



કોઈ છાયામાં બેસી ને થાક્યું,
એટલે સૂરજના પ્રકાશ નીચે ઊભ્યું,
ત્યારે જોયા ઝગમગતા હીરા જેવા કિરણો,
અને  વહેતા જળ સાથે ઝરણા,
વા રે વા!
નસીબ નું ભંડાર ખૂલી ગયું.

આગળ એક રંગબેરંગી ફૂલો ની ટોકરી,
તે ઉપાડવાનું કષ્ટ લે છે એક નાની છોકરી,
ભમરી સૂતી હોય છે કુસુમો પર,
અમે હસી ને કહે "કાંઇક તો બીજુ કામ કર,"
વા રે વા!
નસીબ નું ભંડાર ખૂલી ગયું.

ચાલતા જોયા લીલા લીલા ઝાડવા,
અને એ  તરુઓ પર રમતા, કૂદતા વાંદરા,
નજરે જ, સામે હતો એ  સુંદર પર્વત,
જે દર્શાવે છે દેવીઓ નો વ્રત,
વા રે વા!
નસીબનું ભંડાર ખૂલી ગયું.

ઉજાણીમાં જોયું પ્રાણીથી ભરેલું વન,
તે જોય આપણને થાય ત્યાં રહેવાનું મન,
એ જાનવરો એકદમ ઝડપથી દોડે,
ત્યારે એવું લાગે કે એ હમણા પડે,
વા રે વા!
નસીબનું ભંડાર ખૂલી ગયું.



આ સૌ વસ્તુ તો કુદરતની કરામત,
એટલે આપણે રાખવું જોઈએ સહી સલામત,
આ તો લાગે છે બહુ શ્રેષ્ઠ દ્રશ્ય,
જેમાં દેખાય છે એક સાફ ચમકતું વિશ્વ,
વા રે વા!
નસીબનું ભંડાર ખૂલી ગયું.



DHRUTI.SHAH
10C

